




IPL 2026 આજની મેચ / MI Vs CSK ▶ સમય: સાંજે 7:30 વાગ્યે ▶ સ્થળ: મુંબઇ

| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| PBKS | 6 | 5 | 0 | 1 | 11 | 1.420 |
| RR | 7 | 5 | 2 | 0 | 10 | 0.790 |
| RCB | 6 | 4 | 2 | 0 | 8 | 1.171 |
| SRH | 7 | 4 | 3 | 0 | 8 | 0.820 |
| DC | 6 | 3 | 3 | 0 | 6 | -0.130 |
| GT | 6 | 3 | 3 | 0 | 6 | 0.310 |
| MI | 6 | 2 | 4 | 0 | 4 | 0.067 |
| CSK | 6 | 2 | 4 | 0 | 4 | -0.780 |
| LSG | 7 | 2 | 5 | 0 | 4 | -1.277 |
| KKR | 7 | 1 | 5 | 1 | 3 | -0.879 |

# LSGના બોલરોએ ઊભી કરેલી તક બેટ્સમેનોએ રોળી નાંખી

**રવિન્દ્ર** જાડેજાની ઇનિંગ અને છેલ્લી બે ઓવરોમાં આવેલા રનથી રાજસ્થાન રોયલ્સે છ વિકેટે 159 રન બનાવ્યા

**આર્ચરની** આગેવાનીમાં બોલરોના ઉમદા પ્રદર્શનથી રાજસ્થાને LSGનો 119 રનમાં વિંટો વાળી 40 રને મેચ જીતી



લખનઉ, તા. 22 : આઈપીએલમાં આજે બુધવારે અહીં રમાયેલી એક મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સના મહંમદ શમી અને કરકસરયુક્ત બોલિંગ કરનાર મોહસિન ખાનની આગેવાનીમાં કરેલા પ્રભાવક પ્રદર્શનથી રાજસ્થાન રોયલ્સ છ વિકેટે માત્ર 159 રન સુધી સિમિત રહ્યું હતું. જો કે જોફ્રા આર્ચરની આગેવાનીમાં રાજસ્થાન રોયલ્સના બોલરોએ લખનઉ સુપર જાયન્ટ્સને 160 રનનો લક્ષ્યાંક પણ ચેઝ કરવા દીધો નહોતો અને 119 રનમાં તેમનો વિંટો વાળતા રાજસ્થાને 40 રને મેચ જીતી હતી.

એલએસજી વતી ઓપનીંગ કરવા ઉતરેલા મિચેલ માર્શે 55 રનની ઈનિંગ રમી હતી અને તે છઠ્ઠી વિકેટના રૂપમાં આઉટ થયો હતો. જો કે તેના સિવાય અન્ય કોઈ બેટ્સમેન વિકેટ પર ટકીને રમી શક્યો નહોતો અને તેના આઠ ખેલાડીઓ બે આંકડે પહોંચી શક્યા નહોતા. આ પહેલા શમીએ ટેસ્ટ બોલર તરીકેનો તેનો અનુભવ અને ક્લાસ દાખવીને યશસ્વી જયસ્વાલ અને ધ્રુવ જુરેલને સતત બે બોલ પર આઉટ કર્યા હતા. મોહસીને પણ અત્યંત શિસ્તબદ્ધ બોલિંગ કરીને વૈભવ સૂર્યવંશી અને શિમરોન હેટમાયરની મહત્વની વિકેટો ઝડપી હતી.

| રાજસ્થાન રોયલ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| જયસ્વાલ કો.પંત બો.શમી | 22 | 12 | 4 | 0 |
| વૈભ્વ કો.રાઠી બો.મોહસીન | 8 | 11 | 2 | 0 |
| જુરેલ કો.પંચ બો.શમી | 0 | 1 | 0 | 0 |
| પરાગ કો.પૂરન બો.પ્રિન્સ | 20 | 19 | 2 | 1 |
| હેટમાયર કો.પ્રિન્સ બો.મોહસીન | 22 | 18 | 2 | 1 |
| જાડેજા નોટઆઉટ | 43 | 29 | 2 | 1 |
| ફરેરા કો.મોહસીન બો.પ્રિન્સ | 20 | 19 | 2 | 0 |
| શુભમ નોટઆઉટ | 19 | 11 | 3 | 0 |
| વધારાના | 5 | | | |
| કુલ (20 ઓવરમાં છ વિકેટે) | 159 | | | |

**વિકેટપતન :** 1/32, 2/32, 3/32, 4/62, 5/77, 6/110

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મહંમદ શમી | 4 | 0 | 30 | 2 |
| પ્રિન્સ યાદવ | 4 | 0 | 29 | 2 |
| મોહસીન ખાન | 4 | 1 | 17 | 2 |
| મયંક યાદવ | 4 | 0 | 56 | 0 |
| દિગ્વેશ રાઠી | 4 | 0 | 26 | 0 |

| લખનઉ સુપર જાયન્ટ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| માર્શ કો.પરાગ બો.બર્ગર | 55 | 41 | 6 | 2 |
| બદોની રનઆઉટ | 0 | 1 | 0 | 0 |
| પંત કો.જુરેલ બો.બર્ગર | 0 | 3 | 0 | 0 |
| માર્કરમ કો.જુરેલ બો.આર્ચર | 0 | 6 | 0 | 0 |
| પૂરન કો.ફરેરા બો.જાડેજા | 22 | 25 | 3 | 0 |
| હિંમત બો.બિશ્નોઇ | 15 | 15 | 0 | 1 |
| મુકુલ કો.પરાગ બો.બ્રિજેશ | 7 | 3 | 0 | 1 |
| શમી બો.બ્રિજેશ | 6 | 4 | 0 | 1 |
| મયંક કો.જુરેલ બો.આર્ચર | 5 | 5 | 1 | 0 |
| રાઠી નોટઆઉટ | 2 | 2 | 0 | 0 |
| મોહસીન બો.આર્ચર | 0 | 3 | 0 | 0 |
| વધારાના | 7 | | | |
| કુલ (18 ઓવરમાં ઓલઆઉટ) | 119 | | | |

**વિકેટપતન :** 1/9, 2/10, 3/11, 4/54, 5/91, 6/105, 7/111, 8/113, 9/119, 10/119

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| જોફ્રા આર્ચર | 4 | 1 | 20 | 3 |
| નાન્દ્રે બર્ગર | 4 | 0 | 27 | 2 |
| બ્રિજેશ શર્મા | 3 | 0 | 18 | 2 |
| રવિન્દ્ર જાડેજા | 4 | 0 | 29 | 1 |
| રવિ બિશ્નોઇ | 3 | 0 | 23 | 1 |

## વૈભવ સૂર્યવંશી IPLમાં સૌથી ઓછા બોલમાં 500 રન બનાવનાર ખેલાડી બન્યો

લખનઉ, તા. 22 : એક પછી એક રેકોર્ડમાં પોતાનું નામ સામેલ કરાવતા આવેલા વૈભવ સૂર્યવંશીએ હવે ઈન્ડિયન પ્રીમિયર લીગ 2026માં વધુ એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. લખનઉ સુપરજાયન્ટ્સ સામે વૈભવ સૂર્યવંશી 11 બોલમાં માત્ર આઠ રન બનાવીને આઉટ થયો હોવા છતાં, તેણે પોતાની ટૂંકી ઇનિંગ્સમાં ઇતિહાસ રચીને તે આઇપીએલમાં સૌથી ઓછા બોલમાં 500 રન બનાવનાર ખેલાડી બની ગયા છે. તેણે આ સિદ્ધિ માત્ર 227 બોલમાં હાંસલ કરી હતી. સૂર્યવંશીએ દિગ્ગજ ગ્લેન મેક્સવેલનો રેકોર્ડ તોડ્યો છે, જેણે અગાઉ આઇપીએલમાં 260 બોલમાં 500 રન બનાવ્યા હતા.



**IPLમાં સૌથી ઓછા બોલમાં 500 રન**

| ખેલાડી | બોલ |
|---|---|
| વૈભવ સૂર્યવંશી | 227 બોલ |
| ગ્લેન મેક્સવેલ | 260 બોલ |
| પ્રિયાંશ આર્ય | 278 બોલ |
| વીરેન્દ્ર સેહવાગ | 280 બોલ |
| નમન ધીર | 283 બોલ |

# સાતત્ય જાળવી રાખવાના ઇરાદે આજે મુંબઇ અને ચેન્નાઇ મેદાને ઉતરશે

**બંને** ટીમની નજર તેમના માજી કેપ્ટન રોહિત શર્મા અને મહેન્દ્ર સિંહ ધોનીની સંભવિત વાપસી પર

**સાંજે** 7.30થી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



મુંબઈ, તા. 22 (પીટીઆઈ) : આઇપીએલમાં આવતીકાલે ગુરુવારે બે માજી ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ અને ચેન્નાઇ સુપર કિંગ્સ (સીએસકે) એકબીજા સામે મેદાને ઉતરશે ત્યારે બંનેનો ઇરાદો સાતત્ય જાળવવાનો રહેશે. બંને ટીમ તેમના માજી કેપ્ટન રોહિત શર્મા અને મહેન્દ્ર સિંહ ધોનીની સંભવિત વાપસી પર નજર રાખશે.

રોહિત હેમસ્ટ્રિંગ અને ધોની કાફ સ્ટ્રેનની ઇજામાંથી પાછા ફરવાના માર્ગ પર છે, પરંતુ જોવાનું બાકી છે કે આ મહત્વપૂર્ણ મુકાબલા માટે વાનખેડે સ્ટેડિયમમાં બંનેમાંથી કોઈ મેદાનમાં ઉતરશે કે નહીં. મંગળવારે રોહિતે વૈકલ્પિક પ્રેક્ટિસ સત્ર છોડી દીધું, પરંતુ ચાલુ ટુર્નામેન્ટમાં હજુ સુધી એક પણ મેચ ન રમનાર ધોનીએ જોરશોરથી પ્રેક્ટિસ કરી, જેનાથી ઇમ્પેક્ટ પ્લેયર તરીકે તેની વાપસીની શક્યતા વધી ગઈ. આ બે દિગ્ગજ ખેલાડીઓની વાપસી એટલા માટે પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે કે પાંચ-પાંચ ટાઇટલ જીતનારી આ બંને ટીમ હાલમાં ઘણી સમસ્યાઓનો સામનો કરી રહી છે.

સીએસકે અન્ય દરેક ટીમની જેમ, ફોર્મ અને યોગ્ય સંયોજનની શોધમાં ટુર્નામેન્ટની શરૂઆત કરી હતી, પરંતુ તેઓ રમતમાં આગળ વધ્યા તેની સાથે જ તેમનો યુવા બેટ્સમેન આયુષ મ્હાત્રેને હેમસ્ટ્રિંગના ખેંચાણને કારણે ટુર્નામેન્ટમાંથી બહાર થયો તે તેમના માટે મોટો ફટકો રહ્યો છે. જેના કારણે તેમણે તેમની બેટિંગની રણનીતિ ફરીથી બનાવવાની ફરજ પડી છે. ગુજરાતના વિકેટકીપર-બેટ્સમેન ઉર્વિલ પટેલને મ્હાત્રેના સ્થાને ટીમમાં સામેલ કરવામાં આવી શકે છે. બંને ટીમો પાસે હાલમાં ચાર-ચાર પોઈન્ટ છે, સારા નેટ રન રેટના કારણે મુંબઈ સીએસકેથી આગળ છે.

## મ્હાત્રેના સ્થાને પસંદગીનો હાલ કોઇ વિચાર નથી, મેડિકલ સ્ટાફ સંતુષ્ટ હશે તો જ ધોની રમશે : સિમોન્સ

મુંબઈ, તા. 22 : ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે) ના બોલિંગ કોચ એરિક સિમોન્સે બુધવારે જણાવ્યું હતું કે ટીમે આયુષ મ્હાત્રેના સ્થાને કોની પસંદગી કરવી તેનો હજુ સુધી કોઈ નિર્ણય લીધો નથી જ્યારે અનુભવી મહેન્દ્ર સિંહ ધોનીની ઉપલબ્ધતા તબીબી સ્ટાફ અને તેની ફિટનેસ અંગેના તેના પોતાના સંતોષ પર નિર્ભર રહેશે. મ્હાત્રેની ઈજાથી સીએસકેને મોટો ફટકો પડ્યો છે, જે આઈપીએલમાં ઉત્તમ ફોર્મમાં હતો. સિમોન્સે કહ્યું કે ફ્રેન્ચાઇઝી હાલમાં તેમની પાસે ઉપલબ્ધ સંસાધનોનો ઉપયોગ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. સિમન્સે ગુરુવારે મુંબઈ ઇન્ડિયન્સ સામેની મેચની પૂર્વસંધ્યાએ પત્રકારોને જણાવ્યું હતું કે અમારી પાસે હાલમાં રિપ્લેસમેન્ટ માટે કોઈ તાત્કાલિક યોજના નથી. અમારી ટીમમાં જે ખેલાડીઓ છે, તેમની સાથે હજુ પણ રિપ્લેસમેન્ટનો વિચાર કરવા માટે પુષ્કળ સમય છે. પરંતુ હાલ પૂરતું, અમે અમારી પાસે ઉપલબ્ધ સંસાધનોનો ઉપયોગ કરીને અમારી ટીમ બનાવીશું.

## સ્લો ઓવર રેટ બદલ બાંગ્લાદેશની ટીમ દંડાઇ

ઢાકા, તા. 22 : ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઇસીસી)એ બુધવારે ન્યુઝીલેન્ડ સામેની બીજી વનડેમાં સ્લો ઓવર રેટ બદલ બાંગ્લાદેશ ટીમને તેમની મેચ ફીના 10 ટકા દંડ ફટકાર્યો છે. મેહદી હસન મિરાઝની ટીમે નિર્ધારિત સમય કરતાં બે ઓવર ઓછી ફેંક્યા બાદ મેચ રેફરી એન્ડી પાયક્રોફ્ટે આ દંડ ફટકાર્યો હતો. આઇસીસીએ એક રિલીઝમાં જણાવ્યું હતું કે ખેલાડીઓ અને ખેલાડી સહાયક કર્મચારીઓ માટે આઇસીસી આચારસંહિતાની ન્યૂનતમ ઓવર-રેટ ગુનાઓ સાથે સંબંધિત કલમ 2.22 અનુસાર ટીમના ખેલાડીઓને તેમની ટીમ નિર્ધારિત સમય કરતાં ઓછી ઓવર કરે છે તેના માટે તેમની મેચ ફીના પાંચ ટકા દંડ ફટકારવામાં આવે છે.

## સિંગલ્સમાં સતત 10 હાર છતાં વિનસ ફ્રેન્ચ ઓપન રમવા ઇચ્છુક

મેડ્રિડ, તા. 22 (એપી) માજી વર્લ્ડ નંબર વન વિનસ વિલિયમ્સ સતત દસમી મહિલા સિંગલ્સ મેચ હારવા છતાં આવતા મહિને યોજાનારી ફ્રેન્ચ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાં રમવા માંગે છે. 45 વર્ષીય વિનસ મેડ્રિડ ઓપનમાં 20 વર્ષીય સ્પેનિશ ખેલાડી કેટાલિન ક્વેડો સામે 6-2, 6-4થી હારી હતી. સાત વારની ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન વિનસે જણાવ્યું કે હું ઘણા સમયથી ક્લે પર રમી નથી અને હું તેનો અનુભવ કરવા માગતી હતી. દુર્ભાગ્યવશ, હું ઇટાલિયન ઓપનમાં રમી શકીશ નહીં કારણ કે મારી પાસે કેટલીક પ્રતિબદ્ધતાઓ છે. મારા પતિ ઇટાલિયન છે, તેથી અમને પણ દુઃખ છે કે અમે ત્યાં જઈ શકતા નથી. પરંતુ અમે ફ્રેન્ચ ઓપનની તૈયારી માટે ક્લે કોર્ટ પર રમવાનું ચાલુ રાખવા માંગીએ છીએ. વિનસ છેલ્લા પાંચ વર્ષથી મેડ્રિડમાં રમી ન હતી. તેની છેલ્લી ક્લે-કોર્ટ ટુર્નામેન્ટ 2021 ફ્રેન્ચ ઓપન હતી, જ્યાં તેણી તેની શરૂઆતની મેચમાં એક્ટેરીના એલેક્ઝાન્ડ્રોવા સામે હારી ગઈ હતી. મેં મિયામી ઓપનના થોડા અઠવાડિયા પછી માટી પર પ્રેક્ટિસ કરવાનું શરૂ કર્યું. હું વર્ષોથી માટી પર રમી નથી. પણ મને માટી ગમે છે, તે મજા છે એવું તેણે કહ્યું.

# મહંમદ નવાઝે ટી-20 વર્લ્ડકપ દરમિયાન પ્રતિબંધિત ડ્રગ્સ લીધાના અહેવાલ

**મહંમદ** નવાઝ પર રિક્રિએશનલ ડ્રગ્સના ઉપયોગ બદલ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા તપાસ કરવામાં આવી

**ઈંગ્લીશ** કાઉન્ટી સરે વતી રમવા તૈયાર નવાઝ સામે તપાસના સમાચાર જાહેર થતાં જ કાઉન્ટી ટીમે કરાર રદ કર્યો



નવી દિલ્હી, તા. 22 : પાકિસ્તાનના અનુભવી ઓલરાઉન્ડર મહંમદ નવાઝ પર રિક્રિએશનલ ડ્રગ્સના ઉપયોગ બદલ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા તપાસ કરવામાં આવી હોવાના અહેવાલ છે. એક અહેવાલ મુજબ, ટી-20 વર્લ્ડકપ દરમિયાન લેવામાં આવેલા નવાઝના નમૂનામાં પ્રતિબંધિત પદાર્થોના અંશ મળી આવ્યા હોવાનું કહેવાય છે. આ ઘટનાક્રમે નવાઝની કારકિર્દી પર શંકા જ નહીં પરંતુ બોર્ડ દ્વારા ડોપિંગ વિરોધી નિયમોના પાલન અંગે નવી ચર્ચા પણ જગાવી છે.

આ વિવાદની સીધી અસર નવાઝના વિદેશી લીગ કરાર પર પડી છે. 32 વર્ષીય ખેલાડીને ઈંગ્લેન્ડના ટી-20 બ્લાસ્ટમાં ભાગ લેવા માટે બોર્ડ તરફથી એનઓસી મળ્યું હતું અને તે સરેમાં જોડાવા માટે તૈયાર હતો. સરે આ અઠવાડિયે નવાઝના નામની સત્તાવાર જાહેરાત કરવાનું હતું, પરંતુ તપાસના સમાચાર જાહેર થતાં જ કાઉન્ટી ટીમે કરાર રદ કરી દીધો. હાલ પૂરતું, નવાઝનું ઈંગ્લેન્ડમાં ક્રિકેટ રમવાનું સ્વપ્ન અધૂરું રહી ગયું છે.

રસપ્રદ વાત એ છે કે, આ ગંભીર તપાસ છતાં, નવાઝ હાલમાં પાકિસ્તાન સુપર લીગમાં મુલતાન સુલ્તાન્સ માટે રમી રહ્યો છે, જ્યાં તેણે તાજેતરમાં રાવલપિંડી સામે ત્રણ ઓવર ફેંકી હતી. પીસીબીએ આ બાબતે મૌન જાળવી રાખ્યું છે અને કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી. તપાસનો સમય અને સંભવિત સજા સ્પષ્ટ નથી, પરંતુ જો આરોપો સાચા સાબિત થાય છે, તો નવાઝને બોર્ડના શિસ્ત અને ડોપિંગ વિરોધી નિયમો હેઠળ કડક પ્રતિબંધોનો સામનો કરવો પડી શકે છે.

## 1993માં ગાંજો રાખવા બદલ અકરમ-વકાર સહિત ચાર દિગ્ગજની ધરપકડ થઇ હતી.

પાકિસ્તાન ક્રિકેટમાં કેફી કે પ્રતિબંધિત પદાર્થના સેવનની ઘટના કોઇ નવી નથી. નવાઝે પ્રતિબંધિત પદાર્થનું સેવન કર્યાની વાત સાથે જ 1993ની એક ઘટનાની યાદ તાજી કરાવી છે, જેમાં ઝડપી બોલર વસીમ અકરમ અને વકાર યુનિસ સહિત ચાર દિગ્ગજ ખેલાડીઓની ગાંજા રાખવા બદલ ધરપકડ કરવામાં આવી હતી.

# રીઅલ મેડ્રિડના સ્ટાર જુડ બેલિંગહામે હંડ્રેડ ફ્રેન્ચાઇઝીમાં હિસ્સો ખરીદ્યો

**ક્રિકેટમાં** રોકાણ કરતાં બેલિંગહામે બર્મિંઘમ ફોનિક્સમાં 1.2 ટકા હિસ્સો ખરીદી પોતાનો ક્રિકેટ પ્રેમ છતો કર્યો



લંડન, તા. 22 : જાણીતા ફૂટબોલર જુડ બેલિંગહામે બર્મિંઘમ ફોનિક્સમાં હિસ્સો લઈને ક્રિકેટની દુનિયામાં પગ મૂક્યો છે, અને તેના વધતા પોર્ટફોલિયોમાં એક નવો અધ્યાય ઉમેર્યો છે. રીઅલ મેડ્રિડના આ સ્ટારે ફ્રેન્ચાઈઝીમાં 1.2% હિસ્સો ખરીદ્યો છે, જે ઉચ્ચ ફૂટબોલ અને ફ્રેન્ચાઈઝી ક્રિકેટ વચ્ચેનું એક દુર્લભ ક્રોસઓવર છે. 1 મિલિયનનું મૂલ્ય ધરાવતું આ રોકાણ વોરવિકશર કાઉન્ટી ક્રિકેટ ક્લબ અને નાઈટહેડ કેપિટલ મેનેજમેન્ટ પાસેથી સમાન શેરમાંથી આવે છે. વોરવિકશર 50.4% પર બહુમતી નિયંત્રણ ધરાવે છે, જ્યારે નાઈટહેડ, જે બર્મિંઘમ સિટીનું પણ માલિક છે, તે 48.4% જાળવી રાખે છે. એજબેસ્ટન સ્થિત ફ્રેન્ચાઈઝી ગયા વર્ષે વેચાણ માટે મૂકવામાં આવેલી આઠ ટીમોમાંની એક હતી, જેમાં નાઈટહેડે 40 મિલિયનમાં નોંધપાત્ર હિસ્સો ખરીદ્યો હતો. આ પગલું બેલિંગહામના ક્રિકેટ સાથેના લાંબા સમયથી જોડાયેલા જોડાણને પ્રતિબિંબિત કરે છે. 22 વર્ષીય ખેલાડી આ રમતનો ઉત્સાહી ચાહક તરીકે જાણીતો છે અને તેણે શરૂઆતના વર્ષોમાં જુનિયર ક્રિકેટ પણ રમ્યું હતું, એક વખત કહ્યું હતું કે તે બેન સ્ટોક્સ સાથે કારકિર્દી બદલવા માંગશે.

# કોચ પર હુમલો કરવા બદલ પુડુચેરીના ત્રણ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટર સસ્પેન્ડ

**જે કાર્તિકેયન**, એ અરવિંદરાજ અને એસ સંતોષ કુમારન આરોપમાંથી મુક્ત ન થાય ત્યાં સુધી સસ્પેન્શન અમલમાં



પુડુચેરી, તા. 23 (પીટીઆઈ) : ક્રિકેટ એસોસિએશન ઓફ પુડુચેરી (સીએપી) એ બુધવારે જાહેરાત કરી કે તેણે ગયા વર્ષે 8 ડિસેમ્બરે અંડર-19 રાજ્ય ટીમના કોચ વેંકટરામન પર હુમલો કરવાના આરોપમાં તેના ત્રણ ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટરો જે કાર્તિકેયન, એ અરવિંદરાજ અને એસ સંતોષ કુમારનને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધા છે. અરવિંદરાજે છેલ્લી સ્થાનિક સિઝનમાં પણ કેન્દ્રશાસિત પ્રદેશનું પ્રતિનિધિત્વ કર્યું હતું. સીએપી દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, ત્રણેય પર વેંકટરામન પર હત્યાના પ્રયાસ અને હુમલાનો આરોપ મૂકવામાં આવ્યો છે. સેદુરપેટ પોલીસ સ્ટેશનના સ્ટેશન હાઉસ ઓફિસરે ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપોર્ટ (એફઆઈઆર) નંબર 100/2025 હેઠળ ઔપચારિક ચાર્જશીટ દાખલ કરી છે અને કેસ ન્યાયાધીન છે.

સીએપીએ આ ખેલાડીઓને તેના કોઈપણ પરિસરમાં પ્રવેશવાથી સસ્પેન્ડ કર્યા છે અને તેમને કોઈપણ રાજ્ય સંગઠન સુવિધાઓનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે.

# એમ્બાપ્પે અને વિનિસિયસે ચાર મેચ પછી રીઅલ મેડ્રિડને જીતાડ્યું

**બંનેએ** કરેલા એક-એક ગોલથી રિયલ મેડ્રિડે અલાવેસને 2-1થી હરાવી અંતે જીતનો સ્વાદ ચાખ્યો



મેડ્રિડ, તા. 22 (એપી) : કિલિયન એમબાપ્પે અને વિનિસિયસ જુનિયરે એક-એક ગોલ કરતા ચાર મેચ પછી રિયલ મેડ્રિડે અલાવેસને 2-1થી હરાવીને પોતાની પહેલી જીત મેળવી, જેનાથી તેઓ સ્પેનિશ લીગ ફૂટબોલ ટુર્નામેન્ટ, લા લિગામાં ટોચ પર બાર્સેલોનાની નજીક પહોંચી ગયા.

સેન્ટિયાગો બર્નાબેઉ સ્ટેડિયમમાં જીત બાદ, રિયલ મેડ્રિડ હવે બાર્સેલોનાથી છ પોઈન્ટ પાછળ છે. બાર્સેલોનાના 31 મેચમાંથી 79 પોઈન્ટ છે, જ્યારે રિયલ મેડ્રિડના 32 મેચમાંથી 73 પોઈન્ટ છે.

ચેમ્પિયન્સ લીગ ક્વાર્ટર-ફાઈનલમાં બાયર્ન મ્યુનિક સામે હાર્યા બાદ બહાર થયા પછી રિયલ મેડ્રિડનો આ પહેલો મુકાબલો હતો. રિયલ મેડ્રિડ ઘરઆંગણે બાયર્ન મ્યુનિક સામે 2-1થી અને જર્મનીમાં બીજા લેગમાં 4-3થી હારી ગયું હતું. તેઓ લા લીગાની છેલ્લી બે મેચમાં જીતહીન રહ્યા હતા. તેઓ ગિરોના સામે 1-1થી ડ્રો થયા હતા અને મેલોર્કા સામે 2-1થી હારી ગયા હતા. એમબાપ્પેએ ૩૦મી મિનિટે ગોલ કર્યો. હવે તે ટુર્નામેન્ટમાં સૌથી વધુ ૨૪ ગોલ સાથે સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી છે. ફેબ્રુઆરી પછી આ સ્પર્ધામાં તેનો પહેલો ગોલ પણ હતો. ૫૦મી મિનિટે વિનિસિયસે ગોલ કરીને મેડ્રિડની લીડ વધારી.

# કમિન્સની વાપસી પછી પણ કિશન જ કેપ્ટન રહેવો જોઇએ : સંજય બાંગર

**ઇશાન** કિશન જાણે છે કે કયા બોલરનો કયા બેટ્સમેન સામે ક્યારે ઉપયોગ કરવો : માજી ભારતીય બેટિંગ કોચ

હૈદરાબાદ, તા. 22 (પીટીઆઇ) : માજી ભારતીય ક્રિકેટર સંજય બાંગરે કહ્યું કે પેટ કમિન્સ ઈજામાંથી સ્વસ્થ થઈને પરત ફર્યા પછી પણ, ઈશાન કિશનને સનરાઈઝર્સ હૈદરાબાદના કેપ્ટન તરીકે જાળવી રાખવો જોઈએ. કમરના દુખાવાના કારણે શરૂઆતની મેચોમાંથી પણ બહાર થયેલો કમિન્સ શનિવારે જયપુરમાં રાજસ્થાન રોયલ્સ સામેની મેચથી વાપસી કરી શકે છે.

ભારતના માજી બેટિંગ કોચ બાંગરે સ્ટાર સ્પોર્ટ્સ પર જણાવ્યું હતું કે, એક કેપ્ટન તરીકે, કિશને બતાવ્યું છે કે તે તેના બોલરોનો ઉપયોગ કરવામાં ખૂબ જ વ્યૂહાત્મક રીતે માહિર છે. તે જાણે છે કે કયા બોલરને કયા બેટ્સમેન સામે ઉપયોગ કરવો. જે રમત પ્રત્યેની તેની સારી સમજ સ્પષ્ટપણે દર્શાવે છે. તે દબાણને વશ થતો નથી, ઉતાવળ કરતો નથી અને મેદાન પર યોગ્ય નિર્ણયો લઈ રહ્યો છે.

બાંગરે કહ્યું કે દિલ્હી સામે તેમણે જે રીતે પોતાના સ્પિનરોનો ઉપયોગ કર્યો તે પ્રભાવશાળી હતો. તેથી જ મારું માનવું છે કે પેટ કમિન્સ પાછો ફરે તો પણ કિશન સનરાઈઝર્સનો કેપ્ટન હોવો જોઈએ. સામાન્ય રીતે એવું જોવા મળે છે કે ભારતીય કેપ્ટન હોવાથી ટીમને સ્થિરતા મળે છે. પેટ કમિન્સ જેવા સક્ષમ બોલરને તાજેતરમાં થયેલી ઈજાઓને જોતાં, તે IPLના બાકીના સમય માટે કેટલો ફિટ રહેશે તે કહેવું મુશ્કેલ છે.

# વધુ એક સ્પેનિશ 'રાફા' ટેનિસ જગતમાં ધૂમ મચાવવા માટે તૈયાર

**નડાલની** જેમ 'રાફા'ના ઉપનામથી જાણીતો રાફેલ જોડર ટોપ 50માં પહોંચતા જ ચર્ચામાં આવ્યો

**એક** વર્ષ પહેલા જોડર ટોચના 600 ખેલાડીમાં પણ સામેલ નહોતો અને આજે તે 40માં ક્રમાંકે છે



મેડ્રિડ, તા. 22 (એપી) : વિશ્વનો બીજા ક્રમાંકિત ખેલાડી કાર્લોસ અલ્કારાઝ માત્ર 22 વર્ષના છે, પરંતુ તેમના વતન સ્પેનમાં પહેલાથી જ પ્રતિભાશાળી ટેનિસ ખેલાડીઓની આગામી પેઢીની ચર્ચા છે. તેમાં સૌથી પ્રસિદ્ધ એ ખેલાડી છે જેનું પહેલું નામ સર્વકાલીન મહાન ખેલાડી રાફેલ નડાલ જેવું જ છે. આ ખેલાડી 19 વર્ષનો રાફેલ જોડર છે, જે રેન્કિંગમાં ટોચના 50મું સ્થાન મેળવ્યા પછી સ્પેન અને સમગ્ર ટેનિસ જગતમાં હેડલાઈન્સ બનાવી રહ્યો છે. નડાલની જેમ 'રાફા' ઉપનામથી ઓળખાતો જોડરે મેડ્રિડ ઓપનમાં તેના ડેબ્યૂ પહેલા જ ટોચના 50માં સ્થાન મેળવી લીધુ. એક વર્ષ પહેલા, જોડર વિશ્વ રેન્કિંગમાં ટોચના 600 ખેલાડીઓમાં પણ નહોતો. માર્ચમાં તે ટોચના 100 ખેલાડીમાં સામેલ થયો અને સોમવારે જાહેર કરાયેલા નવીનતમ ATP રેન્કિંગમાં 42મા સ્થાને પહોંચી ગયો છે.

## પાકિસ્તાની બોલર અલી રઝાએ PSLમાં હેટ્રિક લઇ ઈતિહાસ રચ્યો

લાહોર, તા. 22 : પાકિસ્તાન સુપર લીગની ટીમ પેશાવર ઝાલ્મીના 18 વર્ષિય યુવા ફાસ્ટ બોલર અલી રઝા પીએસએલના ઇતિહાસમાં હેટ્રિક લેનાર સૌથી યુવા પાકિસ્તાની ખેલાડી બનીને એક નવો રેકોર્ડ બનાવ્યો છે. કરાચી કિંગ્સે 19 ઓવરમાં 182 રન બનાવ્યા હતા. પરંતુ 20મી ઓવર ફેંકવા આવેલા અલી રઝાએ ઓવરના ચોથા બોલ પર ખુશદિલ શાહને વિચિત્ર રીતે હિટ વિકેટ આઉટ કર્યો. તે પછી રઝાએ એટલી સચોટ યોર્કર ફેંક્યો કે શાહિદ અઝીઝ ક્લીન બોલ્ડ થઈ ગયો અને અંતિમ બોલ પર હસન અલીને બોલ્ડ કરીને તેની ઐતિહાસિક હેટ્રિક પૂર્ણ કરી.

# FIFA મહિલા વિકાસ કાર્યક્રમ માટે પસંદ 12 દેશોમાં ભારત સામેલ

**આ** યાદીમાં જર્મની, નેધરલેન્ડ, સ્વીડન, સ્કોટલેન્ડ, કેનેડા, મેક્સિકો, ફિનલેન્ડ, ઘાના, જોર્ડન, લિથુઆનિયા અને પેરાગ્વેનો પણ સમાવેશ

નવી દિલ્હી, તા. 22 : ફૂટબોલની વૈશ્વિક ગવર્નિંગ બોડી ફિફા દ્વારા બુધવારે તેના મહિલા વિકાસ કાર્યક્રમ માટે પસંદ કરાયેલા 12 દેશોમાં ભારતનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ યાદીમાં જર્મની, નેધરલેન્ડ, સ્વીડન, સ્કોટલેન્ડ, કેનેડા, મેક્સિકો, ફિનલેન્ડ, ઘાના, જોર્ડન, લિથુઆનિયા અને પેરાગ્વેનો પણ સમાવેશ થાય છે.

ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (એઆઇએફએફ)ની પ્રારંભિક અરજી બાદ ફિફાએ આ ઈવેન્ટમાં ભારતના સમાવેશની પુષ્ટિ કરી. એઆઇએફએફએ તેની વ્યાપારી વ્યૂહરચના અને ભવિષ્યની યોજનાઓ પર વિગતવાર પ્રેઝન્ટેશન આપ્યું. એઆઇએફએફએ જણાવ્યું કે આ કાર્યક્રમ મે થી ઓક્ટોબર 2026 દરમિયાન ઓનલાઈન યોજાશે. આ કોર્સ ખાસ કરીને ફિફા દ્વારા દેશભરમાં મહિલા ફૂટબોલ સાથે સંકળાયેલા વિવિધ હિસ્સેદારો માટે ડિઝાઈન કરવામાં આવશે. એઆઇએફએફએ એક રિલિઝમાં જણાવ્યું હતું કે હવે જ્યારે એઆઇએફએફને વાણિજ્યિક ભાગીદારનો ટેકો મળ્યો છે, ત્યારે આ કાર્યક્રમ ક્લબોને ટકાઉ મોડેલ બનાવવા માટે જરૂરી સાધનો અને માહિતી પ્રદાન કરશે અને એશિયન ફૂટબોલ કન્ફેડરેશન દ્વારા રજૂ કરવામાં આવનારી આગામી મહિલા ક્લબ લાઇસન્સિંગ સિસ્ટમ માટે પણ તેમને તૈયાર કરશે.

## જાપાનીઝ ક્લબ માચિડા ગેલ્વિયા એશિયન ચેમ્પિયન્સ લીગની ફાઇનલમાં

જેદ્દાહ, તા. 22 (એપી) : જાપાની ક્લબ માચિડા ઝેલિવિયાએ સંયુક્ત આરબ અમીરાતના શબાબ અલ-અહલીને 1-0થી હરાવીને એશિયન ચેમ્પિયન્સ લીગ એલિટ ફૂટબોલ ટુર્નામેન્ટની ફાઇનલમાં પ્રવેશ કર્યો. યુકી સોમાના પહેલા હાફના ગોલથી જાપાની ક્લબનો વિજય સુનિશ્ચિત થયો, જે શનિવારે ફાઇનલમાં સાઉદી અરેબિયન ક્લબ અને ડિફેન્ડિંગ ચેમ્પિયન અલ-અહલી સાઉદીનો સામનો કરશે. સોમાએ 12મી મિનિટે ગોલકીપર હમાદ અલ-મેકબાલીને છકવીને ગોલ કર્યો જે આખરે નિર્ણાયક ગોલ સાબિત થયો.